**ક્રિ.પ.અ.નં. ૧૨૭/૨૦૨૬**

**ધાનપુર પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં. ૧૧૮૨૧૦૧૪૨૪૦૧૭૩/૨૦૨૪, ક્રિ.કેસ નં. ૬૫૮/૨૦૨૪ નાં કામે અરજદાર: જશુભાઈ જાનીયાભાઈ મોહનીયાનાઓની મુદ્દામાલની અરજી લગત હુકમ :–**

..............................................................................................................

(૧) અરજદારે બી.એન.એસ.એસ. કલમ–૪૯૮ હેઠળ કરેલ સદર અરજી કરી એવી હકીકત જણાવેલ છે કે, અરજદાર પાસે તેઓની માલિકીની હીરો હોન્ડા મોટર્સ કંપનીની સ્પલેન્ડર પ્રો મો.સા.જેનો રજી. નં. જી.જે.૨૦.એલ.૪૭૯૦ છે. જે મુદામાલ ધાનપુર પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં. ૧૧૮૨૧૦૧૪૨૪૦૧૭૩ /૨૦૨૪, પ્રોહી એકટની કલમ–૬૫ઈ, ૧૧૬બી, ૯૮(૨), ૮૧ મુજબના ગુન્હાના કામે પોલીસે કબજે કરી પોલીસ સ્ટેશનમાં રાખેલ છે. સદર ગુનાનાં કામે આરોપી વિરુધ્ધ નામ. કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવતા તે ફો.કે.નં.૬૫૮/૨૦૨૪ થી નોંધવામાં આવેલ હતો અને તે કેસનો આખરી નિકાલ થઈ ગયેલ છે. જેથી અરજદારની માલીકીનું વાહન લાંબા સમય સુધી પોલીસ સ્ટેશનમાં ખુલ્લામાં બિનવારસી હાલતમાં પડી રહે તો તેને ઘણુ નુકશાન થાય તેમ છે. જેથી સદર મુદ્દામાલ પરત મેળવવા માટે અરજદારે હાલની અરજી કરેલ છે.

(૨) અરજદારની અરજી લગત સામાવાળા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી.એ અરજદારની અરજી અન્વયે યોગ્ય હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૩) બંને પક્ષોની રજુઆતો ધ્યાને લીધી તેમજ અરજદારની અરજી, રજુ થયેલા દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા. વધુમાં અરજદાર તર્ફે રજુ કરવામાં આવેલ ફો.કે.નં. ૬૫૮/૨૦૨૪ નો હુકમ ધ્યાને લેતા, આરોપીઓને પ્રોહી કલમ–૬૫ઈ, ૧૧૬બી, ૯૮(૨), ૮૧ મુજબના ગુન્હાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે તેમજ મુદામાલ વાહન અન્વયે અપીલ સમય પુરો થયા બાદ નામદાર સુપ્રિમ કોર્ટના સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિ. ધી સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એલ. ૨૦૦૩ (૧) પાન નં. ૩૦૭ ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો અનુસાર અંગે જરૂરી કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવેલ છે. જેથી સદર કામે અરજદાર તર્ફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા, અરજીમાં દર્શાવેલ મુદામાલ વાહન ફો.કે.નં. ૬૫૮/૨૦૨૪ નાં કામે કબજે કરવામાં આવેલ હોવાનું તેમજ તે મુદ્દામાલ વાહન અરજદારની માલિકીનું હોવાનુ જણાઈ આવે છે તેમજ સદર મુદામાલ વાહનનો ગુનામાં ઉપયોગ થયેલ હોય તેવુ ફરીયાદપક્ષ ફો.કે.નં. ૬૫૮/૨૦૨૪ નાં કામે નિશંકપણે પુરવાર કરી શકેલ નથી. વધુમાં સદરહુ વાહન અંગે અન્ય કોઈ વ્યકિત કલેઈમ કરતા નથી, ત્યારે હાલના કામે ગુનાની જોગવાઈઓ તથા નામદાર સુપ્રિમ

કોર્ટના સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિ. ધી સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એલ. ૨૦૦૩ (૧) પાન નં. ૩૦૭ ના ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો અને માર્ગદર્શનને લક્ષમાં રાખી સદરહુ મુદ્દામાલ વાહન વધુ સમય પોલીસ સ્ટેશનમાં રાખી મુકવુ ન્યાયોચિત જણાતુ નથી અને જો તેમ કરવામાં આવે તો સદરહુ મુદ્દામાલને નુકસાન થશે અને સદરહુ મુદ્દામાલની મુળ કિંમતમાં ઘટાડો થશે અને અરજદારને ખોટી મુશ્કેલી વેઠવી પડશે, વિગરે તમામ સંજોગો ધ્યાનમાં રાખી સદરહુ મુદ્દામાલ શરતોને આધીન અરજદારને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે તો તે મારી દૃષ્ટિએ યોગ્ય અને વ્યાજબી જણાતુ હોય, નીચે પ્રમાણે આખરી હુકમ કરવામાં આવે છે.

**:::: હુકમ ::::**

આ કામના અરજદારની હાલની મુદ્દામાલની અરજી **મંજુર** કરવામાં આવે છે.

ધાનપુર પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં. **૧૧૮૨૧૦૧૪૨૪૦૧૭૩/૨૦૨૪, ફો.કે.નં. ૬૫૮/૨૦૨૪** પ્રોહી એકટની કલમ–૬૫ઈ, ૧૧૬બી, ૯૮(૨), ૮૧ ના કામે કબજે લેવાયેલ મુદ્દામાલ **HERO HONDA MOTORS કંપનીની SPLENDOR PRO મો.સા. જેનો રજી. નં. GJ-20-L-4790** ને અરજદારને તેની અસલ માલીકીની ખરાઈ કરી નીચેની શરતને આધીન પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**:: શરત ::**

(૧) જો સદર ગુનાને કામે અપીલ/રીવીઝન થાય અને અરજદાર પાસે ઉપલી અદાલત દવારા મુદામાલ મંગાવવામાં આવે તો અરજદારે મુદામાલ રજુ કરવુ.

હુકમ અનુસાર મુદ્દામાલ પરત સોંપતી વખતે જવાબદાર પોલીસ અધીકારીશ્રીએ અરજદારની ઓળખાણની ખાતરી કરી તેની માલિકી અંગે ખરાઈ અને ખાત્રી કર્યા બાદ જ પરત સોંપવો તેમજ તે અંગેનો અત્રેની અદાલતને રીપોર્ટ કરવો.

હુકમની શરતોની યાદી સંબંધીત પોલીસ સ્ટેશને કરવી.

હુકમ આજરોજ તા. ૦૧ લી, એપ્રિલ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૧/૦૪/૨૦૨૬
સ્થળ : ધાનપુર

**(રોહન રાજેન્દ્રકુમાર સુતરીયા)**
**જ્યુડી.મેજી.ફ.ક., ધાનપુર.**
**કોડ નં.જી.જે.૦૧૪૫૭**